# ઈસુએ પોતાના શરૂઆતના અનુયાયીઓને બોલાવ્યા.

ઈસુની પાછળ જવામાં જે આનંદ છે તે બાળકોને શીખવો

બાળકોની ઉંમર અને જરૂરિયાત અનુસાર પ્રવૃત્તિ પસંદ કરો.

**પ્રાર્થના :** હે પ્રભુ સુવાર્તાઓમાંથી તમારા જીવન વિષે બીજાઓને કહેવા માટે બાળકોની સહાય કરો.

પ્રભુ ઈસુ શિષ્યોને તેડે છે એ વાર્તા કહેવા તૈયારી કરો. **માત્થી ૪ : ૧૮-૨૨** વાંચો. આ વચનો આપણને શીખવે છે કે ઈસુએ પોતાની સુવાર્તા પ્રગટ કરવા અને પોતાનું સેવાકાર્ય આગળ વધારવા માટે શિષ્યોને પસંદ કરીને તેડ્યા.

કોઈ મોટો છોકરો વાર્તા મોઢે કહે. પછી આ પ્રશ્નો પૂછવા.(જવાબો સાથે જ આપેલા છે)

- ઈસુએ તેમને તેડ્યા અગાઉ પીતર અને આંદ્રિયા શું કરતા હતા ? (ક.૧૮)
- જો તેઓ તેની પાછળ આવે તો તેમને શું બનાવવાની પ્રતિજ્ઞા ઈસુએ તેમને આપી ?(ક.૧૯)
- તે બે માણસો કેટલી ત્વરાથી ઈસુ પાછળ ગયા ? (ક.૨૦)
- બીજા ક્યા બે માણસો માછીમારો હતા ?(ક.૨૧)
- તેઓ ઈસુની પાછળ જવા તરત ઉઠ્યા ત્યારે તેમણે પાછળ કોનો ત્યાગ કર્યો ?(ક.૨૨)

માત્થી ૧૦ : ૨-૪ માંથી બાર શિષ્યોના નામ **મોઢે કરો.**

ઈસુ પોતાના શિષ્યોને તેડે છે તે વાર્તાનું નાટક ભજવો.



- ભજનસેવાના આગેવાન સાથે બાળકો આ નાટક રજુ કરે તે ગોઠવો.
- મોટા છોકરા નાના છોકરાને સહાય કરે.
- મોટા છોકરા કે સભાજન ઈસુ,સિમોન(પાછળથી પીતર), આંદ્રિયા અને વર્ણન કરનાના પાત્રો ભજવે. વર્ણન કરનાર વાર્તાનું સંક્ષેપિકરણ કરે અને છોકરાઓને સંવાદો માટે તૈયાર કરે.
- નાના બાળકો યાકૂબ, યોહાન તેના પિતા ઝબ્દી અને અન્ય માછીમારના પાત્રો ભજવે. મોટું નગર અથવા ઉંધા પડેલા સ્ટૂલ હોડી તરીકે અને જાળ માટે રસીઓ લો.

**ઉદ્‌ઘોષક** : વાર્તા અથવા તેનો ભાગ કહે. પછી કહે, સાંભળો સિમોન આંદ્રિયાને શું કહે છે.

**સિમોન** : હોડીની પાસે બેઠો છે. તે કહે, આંદ્રિયા, જો નાઝારેથના ઈસુ આવે છે, તેઓ લોકોને સાજા કરે છે ! તેઓ જે બોલે છે તે મને ગમે છે તેઓ એટલા ભલા અને આપણે માટે જરૂરી છે કે આપણે તેમની વાતને ધ્યાન આપવું જોઈએ.

**આંદ્રિયા** : હા, સિમોન ઈસુ એટલા ભલા શિક્ષક છે કે તેમને આપણી મદદની જરૂર નથી.

**ઈસુ** : સિમોન અને આંદ્રિયા, મારી પછવાડે આવો. હું તમને માણસોના પકડનારા કરીશ.

**સિમોન અને આંદ્રિયા** : કૂદી ઉઠે છે. પોતાની જાળો છોડીને ઈસુની પાછળ દોડે છે.

**ઈસુ** : યોહાન અને યાકૂબ, તમે પણ મારી પાછળ આવો.

**યોહાન અને યાકૂબ** : કુદીને ઈસુની પાછળ જાય છે.

**ઝબદી** : તેઓ જતા રહ્યાં, બધુ કામ મારા પર છોડીને ! પણ ભલે, તેમાં કોઈ સારો ઈરાદો હશે.

**બીજા માછીમારો** : નાટક શરૂ થાય ત્યારથી જમીન પર બેસે. જ્યારે ઝબદી બોલે ત્યારે યોહાન અને યાકૂબ તરફ આંગળી બતાવે. અને આમ બોલે 'મૂર્ખ માણસો ! પોતાની હોડી મૂકીને જતા રહ્યાં ! પેલા ઉપદેશકની પાછળ જવા માટે તેમણે સારો ધંધો મૂકી દીધો !

**ઉદ્‌ઘોષક** : નાટક પૂરૂં થયે ભાગ લેનાર સર્વનો આભાર માને.

**પ્રશ્નો.** જો બાળકોએ મોટાઓ માટે આ નાટક કર્યું હોય તો તેમને ઉપરના સૂચિના પ્રશ્નો પૂછવા દો.

માછલીનું **ચિત્ર દોરો** અને બાળકોને તેની નકલ કરવા દો.



- મોટા બાળકો હોડીનું ચિત્ર દોરે.



- ભજનસેવા વખતે બાળકો પોતાના ચિત્રો બતાવે અને સમજાવે કે પ્રભુ આપણને માણસોને પકડવાની નવી નોકરી આપે છે.

બાળકો બીજા દાખલા આપે

કે માણસોને ખ્રિસ્તની પાછળ જવા સમજાવવા દ્વારા વિશ્વાસીઓ કેવી રીતે માણસોના પકડનારા બને છે.

**ગીત** રૂમી૮:૩૫-૩૯ કલમો પાંચ બાળકો એક એક મોઢે બોલે

ઈસુની વાર્તાને લગતું ગીત **મોટા બાળકો** બનાવે.

યોહાન ૧૫ : ૧૬ **મુખપાઠ કરો.**

**પ્રાર્થના** : દેવ પિતા, અમને તમારા શિષ્યો તરીકે પસંદ કરવા બદલ અમે તમારો આભાર માનીએ છીએ. અમે તમને આધિન થવા માંગીએ છીએ અને ફળ ઉપજાવવા માંગીએ છીએ. તમારા તેડાનો અમે ખૂબ જ જલ્દી જવાબ આપીં અને માણસોને પકડતા શીખીએ તેવું થવા દો.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net